અપીલ અરજી નં.૩૧૪ તા .૩–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨–૯–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) પંડોલ ઈન્ડસ્ટ્રીજ, મન મંદિર લેસર વીડિયો ટોકીઝની ગલીનાં મિલ્કતધારક શંભુભાઈ પટેલનાં પ્લોટ નં. ૨૨૩,૨૨૪,૨૨૫ અને ૨૨૬એ પંડોલ સબ સ્ટેશન નં.એસ.એસ./૧, ટી/૧, પી.એસ–૧, ડી થી ડી–૪ની ઉપર ગેરકાયદેસર બાંધકામ આર.સી.સી., સ્લેબ સહિત કરેલ છે જે અંગેની માહિતીની પારદર્શિ બાંધકામનાં પ્લાનની તથા રજાચિઠ્ઠીની મંજુરીની નકલ. મુદ્દા નં.(૨) મજકુર મિલ્કતના પ્લોટ અંગે નોર્થઝોન કતારગામ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીમાં રજૂ કરેલ તેમજ ડોકયુમેન્ટ બાંધકામ અંગે રજૂ કરેલ હોય જેની સંપૂર્ણ માહિતીની નકલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૪/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)પંડોલ ઈન્ડસ્ટ્રીજ, મન મંદિર લેસર વીડિયો ટોકીઝની ગલીનાં મિલ્કતધારક શંભુભાઈ પટેલનાં પ્લોટ નં. ૨૨૩, ૨૨૪, ૨૨૫ અને ૨૨૬એ પંડોલ સબ સ્ટેશન નં.એસ.એસ./૧, ટી/૧, પી.એસ–૧, ડી થી ડી–૪ની ઉપર ગેરકાયદેસર બાંધકામ આર.સી.સી., સ્લેબ સહિત કરેલ છે જે અંગેની માહિતીની પારદર્શિ બાંધકામનાં પ્લાનની તથા રજાચિઠ્ઠીની મંજુરીની નકલ. મુદ્દા નં.(૨) મજકુર મિલ્કતના પ્લોટ અંગે નોર્થઝોન કતારગામ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીમાં રજૂ કરેલ તેમજ ડોકયુમેન્ટ બાંધકામ અંગે રજૂ કરેલ હોય જેની સંપૂર્ણ માહિતીની નકલ આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. નોર્થઝોન / આઉટ / નં.૪૪૧૧ તા. ૨૯–૯–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૧૦ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે પ્લાન રજીસ્ટરે બાબત હેઠળની મિલ્કતની સ્થિતિ સ્પષ્ટ કરવા પણ** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૪ તા.૧૨–૧૦–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૦૦૫ તા.૧૯–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૯૨૪ તા.૩–૯–૧૧ થી કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, ફી ભર્યાની વિગત ,અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૪૪૧૧ તા.૨૯–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૯૨૪ તા.૩–૯–૧૧ થી કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૪૪૧૧ તા.૨૯–૯–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) પંડોલ ઈન્ડસ્ટ્રીજ, મન મંદિર લેસર વીડિયો ટોકીઝની ગલીનાં મિલ્કતધારક શંભુભાઈ પટેલનાં પ્લોટ નં. ૨૨૩, ૨૨૪, ૨૨૫ અને ૨૨૬એ પંડોલ સબ સ્ટેશન નં.એસ.એસ./૧, ટી/૧, પી.એસ–૧, ડી થી ડી–૪ની ઉપર ગેરકાયદેસર બાંધકામ આર.સી.સી., સ્લેબ સહિત કરેલ છે જે અંગેની માહિતીની પારદર્શિ બાંધકામનાં પ્લાનની તથા રજાચિઠ્ઠીની મંજુરીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તમોએ જણાવેલ પ્રશ્નવાળી મિલ્કતનો પ્લાન તથા રજાચિઠ્ઠી અંગે કતારગામઝોનની કચેરીએ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માહિતી ઉપલબ્ધ ન હોઈ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) મજકુર મિલ્કતના પ્લોટ અંગે નોર્થઝોન કતારગામ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીમાં રજૂ કરેલ તેમજ ડોકયુમેન્ટ બાંધકામ અંગે રજૂ કરેલ હોય જેની સંપૂર્ણ માહિતીની નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્લાન મંજુરી અંગેની માહિતી ઉપલબ્ધ ન હોય તેને લગતા ડોકયુમેન્ટ અંગે માહિતી આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે મળેલા પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૩–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મિલ્કતમાં કાયદેસર બાંધકામ કરેલ હોય તો માંગેલ માહિતીની નકલ

અપાવશો તેવી રજૂઆત કરેલ છે તેમજ ગેરકાયદેસર બાંધકામ હોય તો બીપીએમસી એકટની કલમ–૨૬૦ નોટીસ આપ્યા વગર ડીમોલીશન કર્યાની અંગેની માહિતી આપશો તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ માહિતીમાં ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતાં પ્લાન અને રજાચિઠ્ઠી માહિતી ઉપલબ્ધ ન હોય ડોકયુમેન્ટ અંગેની માહિતી આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે પ્લાન રજીસ્ટરે મિલ્કતની નોંધણી ન હોય માહિતી આપી શકાય તેમ નથી. આમ અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર ગેરકાયદેસર બાંધકામ બાબતે કાર્યવાહીને લગતી રજૂઆત છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે ગેરકાયદેસર બાંધકામ બાબતે કાર્યવાહીને લગતી રજૂઆત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન).....જાણ તથા અમલ માટે.
(૨)શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર